**નવવિધાન**

**રિશ્તા**
વિચારપ્રેરક પત્રિકા

# અંકઃ ૫ ૧૫-૧૨-૨૦13

## બહુરત્ના વસુંધરા

## કમ્યુનિટિ ડેવેલોપમેન્ટ સોસાયટી (સી.ડી.એસ.)

**ગરીબ, વંચિત, શોષિત,
અનીચ્છનીય દુઃસહ્ય ઘટનાઓનો
ભોગ બનેલી અને ઓછું ભણેલી
હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી
યુવતિઓને પગભર બનાવતી ને
સ્વમાન બક્ષતી સ્વૈ.સંસ્થા**




*“આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારા માટે જ કર્યું છે.”* (માથ્થી ૨૫)

(મ.ગુજરાતના કેથોલિક સમૂહોમાં શિક્ષણનું સ્તર ઘણું ઊંચું છે, મોટાં વેતનોવાળી સરકારી અને બિનસરકારી નોકરીઓમાં તેમની સંખ્યા સારી એવી છે, આર્થિક રીતે પણ ઘણા સબળ બન્યા છે ત્યારે મ.ગુજરાતના કેથોલિકો પેરીશ, ચર્ચ કે ફાધર્સ/સીસ્ટર્સ ઉપર આધાર રાખ્યા વિના સ્વતંત્રપણે તથા માત્ર છૂટક છૂટક અને વ્યક્તિગત નહિ પરંતુ સેવાસંસ્થાઓ સ્થાપીને લોક કલ્યાણની સદ્‌પ્રવૃત્તિઓ મોટા પાયે કરે એવો સમય હવે આવી ગયો છે. ગુજરાતમાં ચોપાસ વિવિધ વિસ્તારોમાં આ પ્રકારની બિન ખ્રિસ્તી ઘણી સ્વૈ.સંસ્થાઓ અસ્તિત્વમાં છે ને તેમના દ્વારા ગરીબો, વંચિતો તથા સાધનવિહાણાઓનું ઘણું ભલું થાય છે એ પણ એક નક્કર હકીકત છે. વ્યક્તિગત રીતે મેં એ જોયું પણ છે.

હકીકતે મ.ગુજરાતના કેથોલિકોના ધર્માંતર પૂર્વેના તેમના મૂળ સમાજમાં આવી ભાવના વિપુલ પ્રમાણમાં જોવા મળતી હતી. કમનસીબે ધર્માંતર બાદ વિવિધ ખ્રિસ્તી સંપ્રદાયો આવ્યા જેમાં સંપ્રદાયો, સાંપ્રદાયિક માળખાં ને તેમના હોદ્દેદારો દ્વારા લોકસેવા પ્રવૃત્તિઓ થવા માંડી ને જાણે એ બાબત તેમનો ઈજારો બની ગઈ છે. આવી સેવાસંસ્થાઓ સેવાપ્રવૃત્તિઓ માટે નાણાંકીય સ્રોતો ઊભા કરે છે ને તેનો વહીવટ પણ કરે છે. આ પ્રકારની સંપ્રદાય(ચર્ચ) સંચાલિત સંસ્થાઓમાં ધર્મજનોની ઉપસ્થિતિ, ભાગીદારી કે ભૂમિકા બહુ ઓછી યા નહિવત્ છે. હકીકતે એ માટે ઝાઝો અવકાશ પણ નથી. આનું પરિણામ એ આવ્યું છે કે લોકસેવા વિપુલ પ્રમાણમાં તો થાય જ છે પણ ધર્મજનોમાં રહેલી લોકસેવાની ભાવના જાણે લુપ્ત થઈ ગઈ છે. મ.ગુજરાતના કેથોલિક ધર્મજનો સંપ્રદાય આધારિત બની ગયા છે ને સમાજમાં કોઈ સેવાની જરૂર પડે છે ત્યારે સંપ્રદાય સંચાલિત સેવાસંસ્થાઓ તરફ નિહાળે છે. એથી ઊલટું, બિનઈસાઈ સમાજોમાંથી સ્વયંભુ લેમેનો દ્વારા સેવાસંસ્થાઓ જન્મતી હોય છે ને ગુજરાતમાં ઠેર ઠેર એ પ્રસરેલી છે. આમાં લેમેનો માટે વિવિધ પ્રકારની ભૂમિકાઓ ભજવવાની તકો ને બહોળો અવકાશ હોય છે. ***નવ વિધાન*** આ પ્રકારના સમાજલક્ષી અભિગમ તથા વલણને મ.ગુજરાતના કેથોલિકોમાં ખાસ ઉત્તેજન ને પ્રોત્સાહન આપવા ઈચ્છુક છે. ચાલુ અંકમાં આણંદમાં શ્રી મનોજ મેકવાન, એક કેથોલિક ધર્મજને લોકસેવાર્થે શરુ કરેલ **કમ્યુનિટિ ડેવલોપમેન્ટ સોસાયટી** (સી.ડી.એસ.) સેવાસંસ્થા વિશે વિસ્તૃત માહિતી પીરસીએ છીએ જેનો હેતુ અન્ય કેથોલિક ધર્મજનોને પણ એમાંથી પ્રેરણા ને પ્રોત્સાહન મળે. આવી સેવાસંસ્થાઓ જે તે ખ્રિસ્તી સમૂહોને બૃહદ સમાજમાં ગૌરવ અપાવે છે તે પણ વાચકોની જાણ સારુ.-*ફાધર વિલિયમ*)

***ફાધર વિલિયમઃ*** નમસ્તે મનોજભાઈ, તમારી સંસ્થા વિશે થોડાઘણું તો જાણું છું પરંતુ વિગતે જાણવું છે. તો સૌ પ્રથમ તો એ કહો કે તમને આવી પ્રવૃત્તિઓ કરવાનો વિચાર ક્યારે અને કેમ આવ્યો?

***મનોજ મેકવાનઃ*** નમસ્તે ફાધર. મને પણ અમારી સંસ્થા વિશે આપને તથા ***નવ વિધાનના*** સૌ વાચકોને કહેવાનું ગમશે. મને આ તક આપી એ બદલ સૌ પ્રથમ તો આપનો આભાર.

ફાધર ૧૯૯૪ની સાલમાં ‘આશાદીપ’ વિદ્યાનગરમાં ફાધર ઝેવિયરે યોજેલી એક યુવા શિબિરમાં મને ‘સમાજ’ની સાચી વ્યાખ્યા અલબત સમજ અને જ્ઞાન પ્રાપ્ત થયું ને સાથે સાથે વિકાસ એટલે શું તે પણ સમજાયું. આ સમજે મારા જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું ને તેને એક નવો વળાંક આપ્યો.જીવનમાં સામાજિક નિસબત ઉમેરાઈ. સમાજ માટે કંઈક કરવાનો વિચાર આવ્યો ને સંકલ્પ કર્યો.પ્રથમ મેં સંસ્થાનું નામ ‘આગ’ ***(આણંદ એક્શન ગ્રુપ)*** રાખવા વિચાર્યું હતું પરંતુ ૧૯૯૬માં બાબરી ધ્વંશનો બનાવ

બન્યો અને તેને કારણે કદાચ ગેરસમજ થાય અને મુશ્કેલીમાં મૂકાવાય એટલે મેં કમ્યુનિટિ ડેવેલોપમેન્ટ સોસાયટી (સી.ડી.એસ.) રાખ્યું ને હાલ એ નામ હેઠળ પ્રવૃત્તિઓ કરીએ છીએ.

***ફાધર વિલિયમ:*** તો હવે આગળ વાત ચલાવો.

***મનોજ:*** બાબરી ધ્વંસના સંદર્ભે અમે ખાસ કરીને યુવાવર્ગમાં રાષ્ટ્રીય એકતાની ભાવના પ્રગટે એ માટે ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કર્યું. એમાં ભાગ લેવા માટે શરત એ હતી કે ટીમમાં ઓછામાં ઓછા પાંચ ખેલાડીઓ મુસ્લિમ હોવા જોઈએ. અમને નવાઈ લાગી કે ૮૦ ટીમોએ ટુર્નામેન્ટમાં ભાગ લીધો. ધારાસભ્ય ભરતસિંહ સોલંકી, રામસિંહ પરમાર તથા ૩૩ કાઉન્સીલરોએ અમને ટેકો કર્યો ને મીડીઆએ તો એનું મોટું કવરેજ કર્યું. આ અમારે માટે મોટી સિદ્ધિ હતી અને એ અમારે માટે સિદ્ધિપ્રેરણા પણ બની ગઈ.

***ફાધર વિલિયમ:*** અભિનંદન મનોજભાઈ. હવે આગળ ચલાવો. . .

***મનોજ:***એ વખતે એક બનાવ બન્યો જેણે પણ મારા પર ઘણી અસર કરી. નજીકની એક વસાહતમાં રસ્તા પર એક ગરીબ છોકરો પ્લાસ્ટીક, કચરો નિયમિત વીણવા આવતો હતો. એક દિવસ ત્યાં કોઈએ પ્લાસ્ટીકની એક જૂની ડોલ મૂકી હતી. આ છોકરાને લાગ્યું કે નકામી છે એટલે અહીં કોઈએ ફેંકી દીધી હશે એટલે તેણે એ ડોલને પોતાના થેલામાં લઈ લીધી. કમનસીબે ડોલ મૂકનાર ત્યાં ઓચિંતો આવી ચડ્યો ને ચોર..ચોર એવી બૂમ પાડી બીજાને બોલાવ્યા. લોકોએ આ છોકરાને પકડ્યો, ખૂબ માર માર્યો ને પોલીસ પાસે પકડાવ્યો. અમે લોકોને ખૂબ સમજાવ્યા પણ વ્યર્થ. પછી હું એ ગરીબ છોકરો જ્યાં રહેતો હતો તે જગા શોધી કાઢી ત્યાં ગયો.એ જગા એક ઝૂંપડપટ્ટી હતીઃ ગંદી, ગંધાતી ને વસ્તીથી ભરાયેલી. છોકરાંઓ નાગાં, ઉઘાડાં ફરે . . . ને કચરો વીણવા જાય ને એમ દિવસ કાઢે. કુટુંબોમાં બાળકો પણ ઘણાં અને દારૂણ ગરીબી. નિશાળે ભણવા તો કોઈ જાય નહિ. મેં વધારે ઝીણવટથી તપાસ કરી તો મને સમજાયું કે આમની ગરીબી ને કંગાલિયતનું મૂળ શિક્ષણનો અભાવ છે. એટલે આ બાળકોને ભણાવવાં એવું નક્કી કર્યું. બાળકોને ભણાવવા વાલીઓને સમજાવવાં પડે જે સહેલું નહોતું ને બાળકોને વર્ગમાં ભણવા બેસવું પડે એ પણ કપરું કામ હતું કારણ એ તો રખડવા ટેવાઈ ગયાં હતાં. આવું છતાં હું હિંમત હાર્યો નહિ ને છેવટે આ બાળકોને નજીકની આંગણવાડીમાં ભમવા મોકલવામાં સફળ થયો.

પછી નગરપાલિકાની ચૂંટણીઓ આવી. ચૂંટણીમાં મત લેવા ઉમેદવારો મતદારોને દારૂ વહેંચતા હતા. અમે લોકો સાથે મિટિંગ કરી ને પૂછ્યું કે તમારી જરૂરિયાતો કઈ છે તેની વાતો કરો. લોકોએ કહ્યું કે અમારે પાણીની ઘણી તંગી છે. અમારે દારૂ નહિ પણ પાણી જોઈએ છે. એટલે અમે લોકોને ઉમેદવારો પાસે પાણીની માગણી કરાવવાનું ઠરાવ્યું ને ઠેર ઠેર બોર્ડો મૂકાવ્યાં જેમાં લખ્યું : અમને દારૂ નહિ, પીવાનું પાણી આપો. જે ઉમેદવાર પાણી આપશે તેને જ અમે મત આપીશું. અને પાણીના નળ કે હેન્ડપંપ ચૂંટણી પહેલાં મુકાવા જોઈએ. અમારે ઠાલાં વચનો જોઈતાં નથી.

કોઈ માનશે નહિ પણ અમારી સ્ટ્રેટે બહુ જ કામિયાબ નીવડી. નળ ને હેન્ડપંપ મુકાયા. અમે અમારા ઉમેદવારને જીતાડ્યા પણ ખરા. આ સફળતાએ અમને આગળ લોકજાગૃતિ માટે કાર્યક્રમો ઘડવાની પ્રેરણા આપી.

મને ખુદને આશાદીપમાં શેરી નાટકની તાલીમ અને પ્રેક્ટીસ મળેલી તેનો મેં હવે ઉપયોગ કરવા માંડ્યો અને વિવિધ નાટકો બનાવી અહીં લોકશિક્ષણના કાર્યક્રમો ઉપાડ્યા જેવાકે વ્યસનમુક્તિ, ભણવું, સ્વચ્છતા, અંધશ્રદ્ધા વગેરે. લોકોને તો આવા કાર્યક્રમો ખૂબ ગમવા લાગ્યા ને એનાથી થતા ફાયદાઓ પણ સમજાયા. અમે એ ચાલુ રાખ્યા. ધીરે ધીરે અમે લોકોને સમજાવ્યા કે તમે કચરો વીણવા નથી જનમ્યા પણ માનસન્માનથી માણસની જેમ જીવવા જનમ્યા છો. અમારા આ કાર્યક્રમોએ તો ચમત્કાર સર્જ્યો ને અમારામાં વધુને વધુ ઉત્સાહ રેડાયો. અમે છ બાલવાડીઓ ગરીબ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં કચરો વીણવા જતાં બાળકો માટે શરૂ કરવાનું નક્કી કર્યું ને આજે પણ એ ચાલે છે.

***ફાધર વિલિયમ:*** આ સિવાય બીજી કઈ પ્રવૃત્તિઓ કરો છો ને તેની આગવી કોઈ ખાસિયત હોય તો તે પણ કહો.

***મનોજ:*** બાબરી ધ્વંશ પછી ગુજરાતમાં ૨૦૦૨માં જે બન્યું તે સહુ કોઈ જાણે છે. આણંદ અને તેની આસપાસ કેટલીક અનીચ્છનીય અને દુ:સહ્ય ઘટનાઓ બની જેણે પણ અમને વિચાર કરતા કરી દીધા. કોમી ખાઈ વધુ બહોળી બની ગઈ ને વેરઝેર પણ વધ્યાં. મુસ્લિમોની હત્યા થઈ, તેમની માલમિલકત લૂંટાઈ ગઈ ને ઘરબાર છોડીને નાસી જવું પડ્યું. કેટલીય મુસ્લિમ મહિલાઓ ને યુવતિઓ બળાત્કાર-અરે સામૂહિક બળાત્કાકરોનો ભોગ બની. અમારી પાસે એના નક્કર પુરાવાઓ ને નક્કર ઉદાહરણો આજે પણ મોજુદ છે. એક યુવાન પરિણીત મુસ્લિમ મહિલાના પતિની હાજરીમાં જ તેના પર સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો. એ પતિ ગાંડો થઈ ગયો છે ને આજે પણ એ દશામાં જીવી રહ્યો છે. એને બે બાળકો છે જેની જવાબદારી હવે જેના પર સામૂહિક બળાત્કાર થયો હતો (પતિની હાજરીમાં) તે પત્ની પર આવી પડી છે. અમે તેને બાલવાડીની તાલીમ આપી એક ઝૂંપડપટ્ટી વિસ્તારમાં બાલવાડી શરૂ કરવા મદદ કરી ને તે આજે ચલાવે છે ને તેમાંથી થોડાઘણી રોજીરોટી કમાઈ શકે છે. આવા બનાવોએ અમને આવી રીતે મુશ્કેલીમાં સપડાયેલી મહિલાઓ માટે ને બીજી ગરીબ મહિલાઓ માટે રોજી રોટીની તકો ઊભી કરવા માટે કંઈક નક્કર કરવા પ્રેર્યા ને એવી વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી.

***ફાધર વિલિયમ:*** એ વિશે વધુ માહિતી આપશો?

***મનોજ:*** હા, અમે એવી પાંચેક પ્રવૃત્તિઓ શરૂ કરી છે.
૧.સિવણ વર્ગો ૨.મહેંદી ને બ્યૂટિ પાર્લર ૩.કંપ્યુટર ૪. નર્સીંગ ૫. બાલવાડીઓ.

પ્રત્યેક તાલીમ વર્ગમાં હિંદુ, મુસ્લિમ તથા ખ્રિસ્તી મળીને કુલ ૧૦ બેનો હોવી જોઈએ ને તાલીમ આપનાર બેનો પણ આ ત્રણેય વર્ગોની હોવી જોઈએ એવો અમારો આગ્રહ હોય છે.

તાલીમ દરમ્યાન અમે તેમને પત્રકારત્વ, ફોટોગ્રાફી, વિવિધ પ્રકારની સ્પર્ધાઓ, ચર્ચાઓ, મહેમાનો દ્વારા પ્રવચનો, પરસ્પરના તહેવારોની સામૂહિક ઉજવણીઓ, આબુ, સાપુતારા વગેરે સ્થળોના પ્રવાસો, સદ્ભાવના પર્વ (મહુવા)માં હાજરી આપવી વગેરે પ્રકારના પૂરક કાર્યક્મો જેનાથી તાલીમાર્થિનીઓનું વ્યક્તિત્વ ઘડતર થાય, માનસિક બારી બહોળી થાય, પરસ્પરના ધર્મ માટે માનસન્માન પ્રગટે, પરસ્પર મિત્રતા કેળવાય, કોમી સંવાદિતા પ્રગટે, વારતહેવારે, જન્મદિને કે લગ્નપ્રસંગોએ એકબીજાના ઘરે જાય વગેરે હેતુઓ છે. પ્રતિ સાલ અમે સામૂહિક ધુળેટીનો ઉત્સવ મનાઈએ છીએ તથા આબુ, ખંડાલા, સાપુતારા જેવાં સ્થળોએ ત્રણે કમ્યુનિટિની યુવતિઓને પ્રવાસે લઈ જઈ કોમી સંવાદિતાની શિબિરો યોજીએ છીએ. આ બધા માટે

અમને 'રિશ્તા' સંસ્થાના પ્રણેતા ફાધર વિલિયમ તથા તેમના સહકાર્યકર હસમુખભાઈનો હમેશાં સહયોગ મળતો રહે છે. એમના દ્વારા યોજાતી પત્રકારત્વની તાલીમને લીધે આજે અમારી બેનો સ્વતંત્રપણે સમાચારો તથા તંત્રીને પત્ર લખી શકે છે જે અખબારોમાં પ્રસિદ્ધ પણ થયા છે.

***ફાધર વિલિયમ:*** મેં એવું સાંભળ્યું છે કે તમે બેનોને વિદેશનો પ્રવાસ પણ કરાવો છો ને તે પણ નિઃશુલ્ક !

***મનોજ:*** હા, એ.એફ.એસ. (અમેરિકન ફિલ્ડ સર્વીસ) નામે એક સંસ્થા છે જે કલ્ચરલ એક્સચેંજ પ્રોગ્રામો યોજે છે. મને એ સંસ્થાનો આકસ્મિક પરિચય થયો ને એમણે આ પ્રોગ્રામનો લાભ સી.ડી.એસ. સંસ્થાને આપવાનું કહ્યું જેનાથી મને તો અનહદ આનંદ થયો. પ્રોગ્રામમાં વિવિધ દેશોની સંસ્કૃતિઓનું આદાન પ્રદાન કરવાનું હોય છે. અમે પ્રતિ સાલ બે હિંદુ, બે મુસ્લિમ અને બે ખ્રિસ્તી એમ કુલ છ બેનોને જર્મનીમાં એક્સચેન્જ પ્રોગ્રામ માટે મોકલીએ છીએ. તેઓ ત્યાં એક મહિનો રહીને ત્યાંની સંસ્કૃતિનો અભ્યાસ કરે છે, એવાં સ્થળો ને સંસ્થાઓ નિહાળે છે. જ્યારે અમારી બેનો ભારતીય સંસ્કૃતિનો : પોષાક, આહાર તથા સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા ખ્યાલ આપે છે. પ્રવાસનું બધું ખર્ચ એ.એફ.એસ.સંસ્થા ઉપાડે છે. સામાન્ય આર્થિક પરિસ્થિતિ, સામાન્ય ભણતર પરંતુ કોમી સંવાદિતાને વરેલી સી.ડી.એસ. સંલગ્ન બેનોને આનાથી ઘણો લાભ થયો છે. કોઈ કલ્પી પણ નહિ શકે કે આવી બેનો પરદેશના પ્રવાસે જઈ આવી છે.



સી.ડી.એસ. યુવતિઓ દ્વારા
**જર્મનીમાં ભારતીય કલા નિદર્શન**

***ફાધર વિલિયમ:*** મનોજભાઈ, તમને આ બધી પ્રવૃત્તિઓ કરવા માટે ઘણો પરિશ્રમ કરવો પડતો હશે, ખરું ને?

***મનોજ:*** ફાધર, તમે બહુ મહત્ત્વનો સવાલ કર્યો. હા, આવી પ્રવૃત્તિઓ શરૂ કરવી સહેલું છે પણ તેને ચલાવવી ઘણો પરિશ્રમ માગી લે છે- ખાસ કરીને તો એની આર્થિક જવાબદારીઓ. એટલે અમે અમારા કાર્યક્રમો સાદા રાખ્યા છે જેમાં બહુ નાણાંની કે જટિલ સંચાલનની જરૂર પડે નહિ. પરંતુ, મારે એ ખાસ કહેવું છે કે નાતજાત કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના, બિનસાંપ્રદાયિક રહીને, કેવળ જરૂરિયાતમંદોની ચિંતા કરીને - હરેક જરૂરિયાતમંદ આપણો પાડોશી કહેવાય-તેમને સહાયરૂપ બનવાના શુભાશયે હાથ ધરેલી કોઈ સેવાપ્રવૃત્તિ માટે ક્યારેય બાધ આવતો નથી. ઘણાયે મુસ્લિમભાઈઓ સામે ચાલીને અમારી પ્રવૃત્તિઓ માટે દાન આપે છે, હોલનું ભાડુ લેતા નથી કે તેમાં રાહત આપે છે, પ્રવાસ માટે બસ વિના મૂલ્યે આપે છે વગેરે. આ બાબતે મારા એટલા બધા સુખદ અનુભવો છે કે એ કહેવા કલાકો જોઈએ. આવી સંસ્થા ચલાવવા હિંમત તો ખરી જ પરંતુ દિલની ભાવના ને ભગવાન ઉપર અખૂટ શ્રદ્ધા પણ જોઈએ.

## જાણવા જેવું

### સોશ્યલ સાઈટનો સમાજલક્ષી સદુપયોગ

આજે ખાસ કરીને તો યુવક-યુવતિઓ મોબાઈલ ફોન તથા ઈન્ટરનેટ પાછળ કલાકોના કલાકો ગાળે છે. મોટે ભાગે તેવા કલાકો સમયનો બગાડ છે અને હાનિકારક દુઃષણો લાવે છે. એવાં આધુનિક ઉપકરણોનો સમાજના વંચિતો ને જરૂરિયાતમંદોના હિતાર્થે પણ કરી શકાય છે. અહીં એવું એક ઉદ્દાહરણ નોંધીએ છીએ.

અમદાવાદની રિલિફ રોડ પર આવેલી એક સ્કુલના ૧૯૯૦ની બેચના ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ સોશ્યલ સાઈટ પર પરસ્પરનો સંપર્ક કરીને દિવાળી પૂર્વે મળવાનું નક્કી કર્યું. તેઓ મળ્યા અને વિદ્યાર્થી કાળનાં સંસ્મરણોને તાજાં કરી ખૂબ આનંદ માણ્યો. આ પ્રસંગને યાદગાર બનાવવા તેમણે દિવાળી પૂર્વે જરૂરતમંદ પરિવારોને કરિયાણાની કિટ આપવાનું આયોજન કર્યું અને શહેરના ન્યુ ક્લોથ માર્કેટ ખાતે પેટિયું રળતા હાથલારીવાળાઓને કરિયાણાની કિટ દિપાવલી ભેટ તરીકે આપી. લારીવાળાઓની આંખો ભીંજાઈ ગઈ.

સોશ્યલ સાઈટનો સદુપયોગ પરમાર્થે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનો કેવો પ્રેરણાદાયી અને અનુકરણીય પ્રયોગ !

***ફાધર વિલિયમ:*** હા મનોજભાઈ, તમે બહુ અગત્યની વાત કરી. મારુંયે સચવાય ને બીજાંઓનું પણ સચવાય એવી વૃત્તિ આમાં બહુ કામમાં આવતી નથી. કશુંક ગુમાવ્યા વિના કશું મળતું નથી. જીવનમાં કંઈક સારું કરવા માટે આદર્શ સંજોગોની રાહ જોઈ રહેવાય નહિ કારણ એ ક્યારેય આવવાના નથી. કેટલું કમાવું છે, ભેગું કરવું છે. . તેની લીમીટ આપણે પોતે નક્કી કરવી પડે. આપણા થોડામાંથી થોડું બીજાની સાથે વહેંચીને ખાવું એ સાચી ક્રિશ્ચિયન ભાવના છે. છલકાઈ જતું કે ઉભરાઈ જતું હોય તેમાંથી કંઈક વહેંચીએ તે નહિ. બીજાને આપતાં આપણને થોડુંક ખૂંચે, આપણા પ્લાનીંગમાં વિલંબ થાય કે તેને પડતું મૂકવું પડે તે જ ઈસુએ શીખવેલ ખરો માનવબંધુ પ્રેમ છે. અને હા, સામાજિક નિસબત વિનાનું સ્વાર્થી-સ્વકેન્દ્રી જીવન તો ઈસુ(*અ મેન ફોર અધર્સ*)ના અનુયાયીને હરગીજ ના શોભે.

***મનોજ:*** ફાધર તમારાં આ વિધાનોથી મને ઘણી પ્રેરણા, પ્રોત્સાહન અને હિંમત મળે છે. થેન્ક યુ વેરી મચ ફાધર.



વિનોબા ભાવે

***જીવનમાં સામાજિક અને વ્યક્તિગત એવા બે ટુકડા હોવા જ ન જોઈએ. જ્યાં સુધી આ બે ટુકડા એક નથી થતા ત્યાં સુધી જીવનમાં તાણાતાણી રહેશે.***
આપણું દરેક વ્યક્તિગત કાર્ય સામાજિક અને દરેક સામાજિક કાર્ય વ્યક્તિગત હોવું જોઈએ.

**એમાં કોઈ શક નથી કે જેનો આમજનતા સાથેનો સંપર્ક ઘટી ગયો એણે ઈશ્વરનો એક મોટો સાક્ષાત્કાર ગુમાવ્યો.**

***ઈશ્વરના ત્રણ સાક્ષાત્કાર હોય છે:***

એક આમજનતા રૂપે, બીજો વિશાળ પ્રકૃતિ રૂપે, ત્રીજો અંતર્યામી રૂપે.

***ત્રણે મળીને જ પરમાત્મ-સાક્ષાત્કાર પૂર્ણ થાય છે.***

# સી.ડી.એસ. ની વિવિધ પ્રવૃત્તિઓ - તાલીમો







**૧. તાલીમાર્થિનીઓ**

હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તીઃ
જરૂરિયાતમંદ, ઓછું ભણેલી, બેકાર એવી
ઓછામાં ઓછી દસ

**૨. તાલીમ આપનાર સ્ટાફ પણ**

હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી કમ્યુનિટિમાંથી




## તાલીમ લીધેલ બેનો

હાલ છ આંગણવાડીઓ
ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ચલાવે છે,













બે બ્યુટિપાર્લર્સ ખોલ્યા છે
નાની મોટી નોકરીઓ મેળવી છે.

**અખબારોમાં**

સમાચારો તથા તંત્રીને પત્રો લખે છે.

---

પત્રવ્યવહાર, લખાણો તથા મંતવ્યો મોકલવાનું સરનામું.

**ફાધર વિલિયમ, 'રિશ્તા' આશાદીપ, નાના બજાર, વિદ્યાનગર. જિ.આણંદ ૩૮૮ ૧૨૦, મો : ૯૪૨૭૦૨૬૦૮૩**